

**ચિત્રલેખા**

એક હતી અપ્સરા.

એનું નામ ચિત્રલેખા

ચિત્રલેખાને ચિત્રો ચીતરવાં બહુ જ ગમે.

જાતજાતનાં ને ભાતભાતનાં એ સુંદર ચિત્રો દોરે અને ઊડીને આંખે વળગે એવા સરસ રંગ પૂરે.

એણે નવલખ તારા ચીતર્યા, એમાં વહેતી આકાશગંગા ચીતરી.

આભની અટારીએ ઊડતાં વાદળાં એણે ચીતર્યાં ને તેમાં બહુ જ ખૂબીથી સાત રંગનું મેઘધનુષ્ય ચીતર્યું. એમાં સુંદર રંગપૂરણી કરી.

આખા ચિત્રનો ઉઠાવ એણે ભારે મજાનો કર્યો.

પણ એ હતી મનમોજી.

એને વિચાર થયો કે લાવને ધરતી ઉપર જઉં.

જાતજાતના રંગની પેટી લીધી, નાનીમોટી પીંછીઓ લીધી અને એ તો ઉપડી...

ઊડતી ઊડતી એ ધરતી ઉપર આવી પહોંચી.

એણે ચારે તરફ નજર નાખીને જોવા માંડયું.

ધરતી ઉપર એણે ફૂલ જોયાં : ગુલાબ ને કેતકી, મોગરો ને જાસુદ. કમળ ને કેવડો, જાઈ ને જૂઈ અને બીજાં ઘણાં બધાં.

એમાં સુગંધ હતી પણ રંગ ન હતો. એમને રંગ ન હોવાને લીધે એમનો દેખાવ ખીલતો ન હતો.

ચિત્રલેખાએ પોતાની રંગની પેટી ઉઘાડી અને બધાં ફૂલોને પોતાના દૈવી રંગે રંગવા લાગી. એણે તો મજાના રંગ પૂર્યા. ફૂલ બધાં શોભી ઊઠયાં.

જે જુએ તે ખુશ થઈ જાય !

અને રંગ પણ કેવા ? કદી જાય નહિ એવા. ઝાંખા પણ ન પડે.

બધાં ફૂલઝાડ ને વન–ઉપવન સુંદર ફૂલોથી ખીલી ઊઠ્યાં.

પક્ષીઓએ ચિત્રલેખાની કલા જોઈ. એમનાં મનમાં પણ એમ થયું કે આવો કલાકાર આપણને પણ રંગે તો સારું, આપણો દેખાવ પણ મજાનો થાય.

એમણે પોતાના તરફથી કબૂતર અને કાકાકૌવાને ચિત્રલેખા પાસે મોકલ્યાં. એમણે ચિત્રલેખાને પક્ષીઓને રંગવાની અરજ કરી અને ચિત્રલેખાએ ખુશીથી સ્વીકારી.

ચિત્રલેખા એક પછી એક પંખીઓને બોલાવતી ગઈ અને પોતાની કલા એમના ઉપર અજમાવવા લાગી.

એણે કબૂતરને આછા વાદળી રંગે રંગ્યું અને ગળા ઉપર લાલ રંગની છાંટ નાખી. કબૂતરનો દેખાવ ફરી ગયો. કાકાકૌવા પણ પોતાના રંગથી રાજીરાજી થઈ ગયો.

પછી આવ્યો મોરનો વારો. મોરને રંગવામાં એણે ભારે કલા બતાવી. મોરને ડોક, એની પાંખ, એનાં પીંછા એ દરેકમાં બહુ જ મનોહર રંગ પૂર્યા. એ તો એટલો ખુશ થયો કે થનગન થનગન નાચવા મંડી પડયો !

પછી આવ્યો ગરુડનો વારો. ખૂબ વિચાર કરીને ચિત્રલેખાએ એને માટે ભૂખરો રંગ પસંદ કર્યો અને એ રંગની આખી ગોટી ગરુડને રંગવા માટે વાપરી.

ઊંચા વાદળમાં ઊડવાનું એટલે ગરુડને પણ એ રંગ ગમ્યો. એનાથી ગરુડનો મોભો પણ વધ્યો.

એવામાં ફરિયાદ આવી કે કાગડો અને કોયલ છાનાં માનાં રંગની પેટી ઉઘાડી પોતાનાં પીંછા રંગતાં હતાં.

ચિત્રલેખાએ તે જોયું અને એ બેઉને સજા તરીકે આખે શરીરે કાળો રંગ લગાડયો. બેઉને કાળા કર્યા.

ચોરી કરે તેને એવી સજા થાય !

પછી આવ્યો હંસ.

એણે તો થોડા રંગથી જ સંતોષ માન્યો. પોતાની ચાંચ એકલી રંગવાની એણે ચિત્રલેખાને વિનંતી કરી.

ચિત્રલેખાએ મજાના લાલ રંગથી એની ચાંચ રંગી. એની છાંટ લગાવી. એનાથી હંસની સફેદાઈ ખૂબ ખીલી નીકળી.

હંસ પાંખો ફફડાવતો ઊડી ગયો ત્યાં તો ઘુવડ આવ્યું.

'મારાં બચ્ચાં એકલાં છે, વખતે કોઈ એમને હેરાન કરે માટે જલદી કરો.' ઘુવડ બોલ્યું.

ચિત્રલેખાએ બનતી ઉતાવળે એને પણ રંગ પૂરીને રવાના કર્યું.

જેવું જેવું પક્ષી તેવા તેવા એ રંગ પસંદ કરતી ગઈ અને રંગતી ગઈ. પછી તો આવ્યાં પોપટ ને કાબર, અને મેના ને બુલબુલ.

પોપટ તો મીઠુંમીઠું ગાય એટલે ચિત્રલેખાએ એને સુંદર રંગે રંગ્યો, એની લાલ મજાની ચાંચ કરી, આછા લીલા રંગે એનાં પીંછાં રંગ્યાં ને કોટે કાળો કાંઠલો કર્યો.

કાબરના કલકલાટ જરા પણ કંટાળ્યા વિના એને તથા મેનાને સારી રીતે રંગ્યાં.

બુલબુલને પણ ખુશ કર્યું.

તે પછી આવ્યાં શાહમૃગ.

એ કહે : 'અમને પણ રંગો.'

ચિત્રલેખાએ એમને રંગવા માંડયાં. એમને રંગતાં રંગતાં તો ઘણાબધા રંગ ખૂટી પડયા.

એવાં મોટાં પક્ષીઓને રંગે પછી રંગ તો ખૂટી જાય ને !

કાળા રંગનો તો ઘાણ નીકળી ગયો. રંગ જોઈને શાહમૃગ રાજી થયાં.

તે પછી આવ્યાં હોલાં, લેલાં, ચકલી, દેવચકલી અને નીલકંઠ.

એમને બધાને રંગતાં ચિત્રલેખાને વાર ન લાગી.

નીલકંઠને રંગવા પાછળ એણે ખૂબ મહેનત લીધી.

એ બધાં રાજી થઈને ઊડી ગયાં.

ચિત્રલેખાએ રંગની પેટી ને પીંછીઓ સાફ કરવા માંડી. એવામાં આવ્યો કૂકડો. એ કહે 'મને રંગો.'

'અત્યાર સુધી તું કયાં ગયો હતો ?' ચિત્રલેખાએ પૂછ્યું.

'હું તો ઉકરડા ફેંદતો હતો. મને તો છેક હમણાં જ ખબર પડી તે દોડતો આવ્યો.'

ચિત્રલેખાને વિચાર થઈ પડયો કે આને હવે શું કરવું ? ને રંગે નહિ તો એ બિચારો નિરાશ થાય. ચિત્રલેખાએ બધાં પક્ષીઓને બોલાવ્યાં અને બધાંને કહ્યું કે તમારામાંથી થોડો થોડો રંગ લેવા દો. સૌએ તે કબૂલ કર્યું.

ચિત્રલેખાએ બધાં પંખીમાંથી થોડો થોડો રંગ લીધો ને વિવિધ રંગે કૂકડાને રંગ્યો. કૂકડો રાજી રાજી થઈ ગયો.

પોતાના કામથી સંતોષ પામતી ચિત્રલેખા આકાશમાં ઊડી ગઈ.

—નાગરદાસ ઈ.પટેલ